# 7 મી હિંદ મહાસાગર પરિષદમાં હાજરી આપવા માટે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ઓસ્ટ્રેલિયા, પર્થની મુલાકાતે

ફેબ્રુઆરી 08, 2024

હિંદ મહાસાગર પરિષદ એ હિંદ મહાસાગર ક્ષેત્રના દેશો માટે એક મુખ્ય સલાહકાર મંચ છે, જેનું આયોજન વિદેશ મંત્રાલય દ્વારા દર વર્ષે ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવે છે.

2. ફોરેન અફેર્સ એન્ડ ટ્રેડ ડિપાર્ટમેન્ટ ઓફ ઓસ્ટ્રેલીયા સરકાર, એસ રાજરત્નમ સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝ, સિંગાપોર અને ઓસ્ટ્રેલિયામાં પર્થ-યુએસ એશિયા સેન્ટરના સહયોગથી તારીખ 9-10 ફેબ્રુઆરી, 2024 દરમ્યાન ઓસ્ટ્રેલિયાના પર્થમાં હિંદ મહાસાગર પરિષદના 7 મા સંસ્કરણનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પરિષદના આ સંસ્કરણની થીમ "સ્થિર અને સ્થાયી હિંદ મહાસાગર તરફ" છે.

3. શ્રીલંકાના મહામહિમ શ્રી રાનિલ વિક્રમસિંઘે, ઑસ્ટ્રેલિયાના વિદેશ બાબતોના પ્રધાન શ્રીમતી પેની વોંગ અને સિંગાપોરના વિદેશ બાબતોના પ્રધાન ડૉ. વિવિયન બાલક્રિષ્નન સાથે આપણા વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર પરિષદના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરશે. .

4. 7 મી હિંદ મહાસાગર પરિષદ 22 થી વધુ દેશોના મંત્રીઓ અને 16 દેશોના વરિષ્ઠ અધિકારીઓ અને 6 બહુપક્ષીય સંગઠનોના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળને પણ એક મંચ પર લાવશે. આ પરિષદમાં લગભગ 40 દેશોના 400 થી વધુ સામાજિક અને કોર્પોરેટ અગ્રણીઓ, પોલિસી પ્રેક્ટિશનર્સ, વિદ્વાનો, વ્યાવસાયિકો અને મીડિયા કર્મચારીઓની ભાગીદારી પણ જોવા મળશે.

5. હિંદ મહાસાગર પરિષદે આ ક્ષેત્રમાં તમામ માટે સુરક્ષા અને વિકાસ માટે પ્રાદેશિક સહકારની સંભાવનાઓ પર વિચારણા કરવા માટે (SAGAR) ક્ષેત્રના દેશો અને મુખ્ય દરિયાઈ ભાગીદારોને એક સામાન્ય મંચ પર એકસાથે લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

6. પરિષદ વિષેની વધુ વિગતો અહીં જોઈ શકાય છે:

https://indiafoundation.in/if_events/7th-indian-ocean-conference-2024/

**નવી દિલ્હી**
**08 ફેબ્રુઆરી, 2024**